જો ભાઈ ચોર, હું તને ગમે તેમ મારું, કશું બોલીશ નહીં... ઉપર કૅમેરાથી મારા સાહેબ જોઈ રહ્યા છે !!!

સે. ૧૬ પ્રાથમિક શાળામાં ઉમળકાભેર પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરની સેક્ટર-૧૬ સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ-૧માં તેમજ ધો. ૮માં ૨૩ વિદ્યાર્થીઓને બેચરસ્વામી અતિપછાત જાતિના ચેરમેન પૂનમભાઈ મકવાણા, જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી જે. જી. જોષી અને શહેરી વિસ્તાર શાસનાધિકારી એમ. એન. રાઠોડ દ્વારા ૨૦ વિદ્યાર્થીઓને કીટ આપી પ્રવેશ કરાવ્યો હતો. તેમજ સરસ્વતિ સહાય અંતર્ગત બે કન્યાઓને સાયકલ આપવામાં આવી હતી. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં બાળકોએ ધ્યાનયોગ, પ્રાર્થના, સ્વાગતગીત, શોર્યગીત જેવા વિવિધ કાર્યક્રમ કરી આમંત્રિત મહેમાનોના મન મોહી લીધા હતા અને વૃક્ષારોપણનો પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આવેલ આમંત્રિત મહેમાનોએ બાળકોને કન્યા કેળવણી તેમજ બાળકો ભણતરમાં વિશેષ રસ દાખવે તેમજ વાલીઓ બાળકોને નિયમીત પણે સ્કૂલે મોકલે તેવો સંકલ્પ કરવો જોઈએ. અત્યારના જમાનામાં ભણતર ખુબ જ ઉપયોગી હોવાથી વિશેષ ભાર મુક્યો હતો.

આ કાર્યક્રમમાં ખેલ મહાકુંભમાં વિજેતા ખેલાડીઓ તેમજ ધોરણ- ૧થી ૭માં એક થી ત્રણ નંબરે પાસ થનાર વિદ્યાર્થીઓને, કંપાસ, વોટરબેગ, લંચબોક્સ, કેલ્ક્યુલેટર જેવા ઈનામો આપવામાં આવ્યા હતા. સેક્ટર-૧૬ વેપારી મંડળના સભ્યો અશોકભાઈ, અમૃતભાઈ, મોહનભાઈ, જયેન્દ્રભાઈ અને મિલનભાઈ ઘોળી દ્વારા નવા જોડાયેલા નાના બાળકોને દફતરની ભેટ આપવામાં આવી હતી. બીજા અનેક દાતાઓએ બાળકોને કંઈને કંઈ વસ્તુઓ ભેટ આપી હતી. શાળાના આચાર્ય સંધ્યાબેને તમામ મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં કોર્પોરેટરો, જીતુ રાયકા, ચિમન વિંઝુડા, મીનાબેન, જયશ્રીબેન લિમ્બાચીયા તેમજ ગાંધીનગર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ તેમજ સેક્ટરના વસાહતીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફ બનાવવા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

સ્વામિનારાયણ શિશુ વિહાર, સેક્ટર-૨૨ ખાતે ગૌરી વ્રત નિમિત્તે વિદ્યાર્થીનીઓ માટે મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. (તસવીર : દિપક જાની)

ઈગલ ન્યૂઝના ઉપક્રમે

સિટી પલ્સ ખાતે રવિવારે ચિત્ર પ્રદર્શનીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

ઈગલ ન્યૂઝના ઉપક્રમે રવિવાર તા. ૧ જુલાઈના રોજ ચિત્ર પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું છે.

સિટી પલ્સ ખાતે યોજાઈ રહેલી આ ચિત્ર પ્રદર્શનીમાં ગાંધીનગરના મેચ્યોર અને એમેચ્યોર ચિત્રકારો દ્વારા તૈયાર કરવામાં આવેલી કૃતિઓ પ્રદર્શનમાં મૂકવામાં આવશે અને તેમનું વેચાણ પણ કરવામાં આવશે.

આ પ્રદર્શનીનું ઉદ્‌ઘાટન નિવૃત્ત આઈએએસ સુધા આંચલિયાના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે સિટી પલ્સના માલિક અશોકભાઈ પુરોહિત તથા અતિથિ વિશેષ તરીકે નિવૃત્ત વિંગ કમાન્ડર માનીક આંચલિયા ઉપસ્થિત રહેશે. સાંજે ૪ થી ૮ કલાક દરમ્યાન આ પ્રદર્શની ખુલ્લી રહેશે એમ જણાવતાં ઈગલ ન્યૂઝના તંત્રી જૈનુલ પટેલે પ્રદર્શની નિહાળવા સૌ કલારસિકોને નિમંત્રણ પાઠવ્યું છે.

ગાંધીનર જિલ્લા રાઈફલ સ્પર્ધામાં ફૉર્મ મેળવવા જોગ

ગાંધીનગર, તા. ૨૯

દર વર્ષની જેમ ચાલુ વર્ષે ગાંધીનગર જિલ્લા ઍર રાઈફલ સ્પર્ધા જુલાઈ માસમાં યોજાશે. જેના પ્રવેશપત્ર તા. ૧૦મી જુલાઈ સુધીમાં નટુભાઈ લાડાણી, સહમંત્રી શેઠ. સી. એમ. વિદ્યાલય, સેકટર-૨૩ અને આર. આઈ. પંડ્યા, માનદ્‌મંત્રી - પ્લોટ નં. ૧૮૫/૨, સેકટર-૩એ (ન્યુ) ગાંધીનગર, ફોન નં. ૨૩૨-૪૩૯૮૭નો સંપર્ક કરવાથી મળી શકશે. એન્ટ્રી ફૉર્મ મળ્યા બાદ સ્પર્ધાના સ્થળ અને તારીખની વિગતો અંગે જાણ કરવામાં આવશે.

જીવન ઉપયોગી આધ્યાત્મિક કહેવતો

અનુભવનો નિચોડ, સચોટ નિદાન, ઉત્તમ ઉદાહરણ, ઉપકારક ઉપદેશ, ઉચ્ચારણ કરવા માટે ઉત્તમ, મર્યાદિત શબ્દો, હરતું-ફરતું વિચાર-વિન્યાસનું વાઙ્‌મય, સમગ્ર સમાજનું પ્રતિબિંબ, હાથવગું-મ્હોંવગું વાક્ય અને આધ્યાત્મિક જ્ઞાનનું હરતું-ફરતું પુસ્તકાલય એટલે કહેવત.

કહેવત બોલો એટલે આપણી સક્ષ એક સુંદર ચિત્ર ખડું થઈ જાય. દા.ત. શાલિગ્રામથી મરી ના વટાય કહેવત બોલો તો શાલિગ્રામ અને મરી તરત દેખાય. અમુક કહેવતથી આખેઆખી વાર્તા યાદ આવી જાય. જેમકે દ્રાક્ષ ખાટી છે. અમુક કહેવતથી હસવું આવે. જેમકે આણું કરવા ગયા ને વહુ ભૂલી આવ્યા. અમુકમાં ધારદાર છરીનો ઘા થાય તેવો ભયંકર કારમો કટાક્ષ હોય. જેમકે મુખમેં રામ ઔર બગલમેં છૂરી અથવા એરણની ચોરી ને સોયનું દાન.

કહેવતોમાં ઠાંસી ઠાંસીને જ્ઞાનનો ખજાનો ભરવામાં આવ્યો છે. વેદકાળથી કહેવતોનું ચલણ ચાલતું આવ્યું છે. એક કલાકના સતત પ્રવચનથી જે ના સમજાય તે એક કહેવતથી વીજળીના ચમકારાની જેમ ચમકારો કરી જાય. જેમકે મન ચંગા તો કથરોટમાં ગંગા. આજે આપણે આવી સુંદર કહેવતોનું રસપાન કરવાનું છે જેમાં આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન હોય, ધાર્મિક ઉપદેશ હોય. જે આપણા જીવનમાં ડગલે ને પગલે ઉપયોગી હોય. એક દીપક આખા ઘરનું અંધારું દૂર કરી દે તેમ એક કહેવતના ભાવાર્થનું આચરણ આખું જીવન સુધારી દે છે.

આ કહેવતો એ પ્રકારની છે જે બધા સારી રીતે જાણે છે, કેટલીક તો એવી છે જે આપણે બધા રોજ બોલીએ પણ છીએ. પરંતુ એ પ્રમાણે આચરણ કરતા નથી. જેમ રસોઈના દળદાર પુસ્તકોમાં સુંદર ચટાકેદાર વાનગીઓના ફોટા જોવાથી પેટ ભરાતું નથી. કહેવત મુજબ જીવવું પડે છે પણ સામાન્ય રીતે આપણા બધાનું ડાહી સાસરે ના જાય ને ગાંડીને શિખામણ આપે જેવું છે. ક્યા મૈં જૂઠ બોલિયા ? આજે આધ્યાત્મિક જ્ઞાનનો ખજાનો ધરાવતી, જીવનને ઉજાગર કરતી, ફૂલનો સમગ્ર સાર જેમ મધ છે તેવી સમગ્ર માનવજીવનના સાર સમી કહેવતોનો રસાસ્વાદ કરવાનો છે. કહેવતો વાંચો, વિચારો, આચરો અને સુખના સાગરનો અનુભવ કરો.

- અતિ લોભ તે પાપનું મૂળ
- આપ ભલા તો જગ ભલા
- ઈશ્વર અલ્લા એક
- ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર
- ઊંઘતો બોલે પણ જાગતો ના બોલે
- એક રામ, સમહસ્ર નામ
- કરે તેવું પામે, વાવે તેવું લણે
- ખાડો ખોદે તે પડે
- ગરજવાનને અક્કલ ના હોય
- ઘર બાળી તીરથ ના કરાય
- ચેતતા નર સદા સુખી
- છાપરે ચડીને ચ પાપ પોકારે
- જે દે ટૂકડો, તેને પ્રભુ ઢુડકો
- ઝાઝા હાથ રળિયામણા
- ટેક રાખો નેક
- ડાહ્યા ભૂલે ત્યારે ભીંત ભૂલે
- તરત દાન ને મહાપુણ્ય
- દૃષ્ટિ તેવી સૃષ્ટિ
- ધાર્યું ધણીનું થાય
- ના બોલ્યામાં નવ ગુણ
- પાકા ઘડે કાંઠા ના ચડે
- ફરે તે ચરે, બાંધ્યું ભૂખે મરે
- બહુ ડાહ્યા બહુ ખરડાય
- ભોગ તેટલા રોગ
- મન હોય તો માળવે જવાય
- રામ રાખે તેને કોણ ચાખે ?
- લોભે લક્ષણ જાય
- વિનાશકાળે વિપરીત બુદ્ધિ
- શોભા એટલી ઓભા
- સંતોષી નર સદા સુખી
- હાથનાં કર્યાં હૈયે વાગ્યાં
- શ્રદ્ધાથી તો પર્વત પણ ચળે
- ક્ષમા વીરસ્ય ભૂષણમ્
- જ્ઞાની કો જ્ઞાની મિલે કરે જ્ઞાન કી બાત
- ૐ એ મૂળાક્ષર નથી, મૂળાક્ષરનોય મૂળાક્ષર છે

- પી એમ પરમાર 'દર્શન'

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગૌરીવ્રત નિમિત્તે ૧લીએ વિવિધ સ્પર્ધાઓ યોજશે

ગાંધીનગર, તા. ૨૯

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખના પ્રમુખ પ્રતિભાબેન દવેએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગૌરીવ્રત અને જયા પાર્વતીના વ્રત નિમિત્તે ૧લી જુલાઈ-૨૦૧૨ને રવિવારે બપોરે ૨ કલાકે બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા વેશભૂષા અને મહેંદી તથા હેરસ્ટાઈલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ગૌરીવ્રત અને જયા પાર્વતી વ્રત નિમિત્તે યોજાનાર વેશભૂષા સ્પર્ધામાં ૫ વર્ષથી ૧૫ વર્ષ સુધીના બ્રહ્મ સમાજના છોકરા, છોકરીઓ જોડાઈ શકશે. મહેંદી તથા હેર સ્ટાઈલ સ્પર્ધામાં ૧૫ વર્ષથી વધુ ઉંમરની બ્રહ્મ સમાજની બહેનો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં જોડાવા માંગતી બહેનોએ સ્પર્ધાની સામગ્રી જાતે લાવવાની રહેશે એમ આયોજકો દ્વારા ખાસ જણાવવામાં આવ્યું છે.

સેક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય ખાતે પ્રવેશોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને અભ્યાસ કીટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. (તસવીર : દિપક જાની)

સેકટર-૧૩ની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉમંગભેર ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

રાજયમાં ૬ થી ૧૪ વર્ષની વયના તમામ બાળકો શાળામાં પ્રવેશ મેળવે, નિયમિત શાળામાં જાય અને શાળામાં અભ્યાસ માટે ટકી રહે તેવા હેતુસર ઉજવાતાં કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશ મહોત્સવના બીજા તબક્કામાં આજે ગાંધીનગરની વિશેષ સેવા વસ્તી વિસ્તારની સેકટર-૧૩ની પ્રાથમિક શાળામાં બેચરસ્વામી અતિપછાત વિકાસ બોર્ડના અધ્યક્ષ શ્રી પૂનમભાઈ મકવાણાએ ૫૫ જેટલાં ભૂલકાઓનું ધોરણ ૧ માં નામાંકન કરાવ્યું હતું. અહીં ૭૭ જેટલાં ભૂલકાઓને પણ આંગણવાડીમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો તથા રમકડાંની ખાસ કીટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૬૫ જેટલાં વિદ્યાર્થીઓએ ધોરણ ૮ ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં પ્રવેશ મેળવ્યો હતો. આ પ્રસંગે શ્રી પૂનમભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, પ્રાથમિક શિક્ષણમાં અનેક નવા આયામો અપનાવીને રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણમાં જનશક્તિને જોડી છે. આ સામુહિક જવાબદારીના સારા પરિણામો ગુજરાતને ગૌરવ અપાવે તેવા છે. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારે પ્રાથમિક શિક્ષણની પાયાની સુધારણા તરફ વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું હોવાનું જણાવી શ્રી પૂનમભાઈ મકવાણાએ સતત દશ વર્ષનું પ્રાથમિક શિક્ષણ સુધારણાનું અભિયાન આવતીકાલની ભવ્ય ઈમારતની બૂનિયાદ બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પ્રાથમિક શાળાના બાળકોને દફતર-પાટી-પેનનું જનભાગીદારીથી વિતરણ કરાયું હતું. ધોરણ ૩થી ૭ના પ્રથમ ત્રણ ક્રમાંકે આવેલાં બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાને રૂા. ૯,૦૦૦ની રકમના દાન/ભેટ વસ્તુ/રોકડ સ્વરૂપે પ્રાપ્ત થયા હતા. આ પ્રસંગે શાશનાધિકારી શ્રી રાઠોડ, નિરંતર શિક્ષણાધિકારી શ્રી જોષી, સી.આર.સી. શ્રીમતી ભાનુબેન ઠક્કર, સી.આર.સી. કોર્ડીનેટર શ્રીમતિ હંસાબેન ત્રિવેદી, કોર્પોરેટર-સેકટર-૧૩ શ્રી ગોવિંદભાઈ પરમાર સહિત સેકટર-૧૩ના તથા ગાંધીનગર શહેરના અગ્રણીઓ તથા અહીંની પ્રાથમિક શાળામાં ભણેલાં વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં શાળાના બાળકોએ પ્રાર્થના સ્વાગત, યોગ-દર્શન રજૂ કર્યું હતું.

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટની ૧લીએ બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ ગાંધીનગરના મહામંત્રી પી. જે. રાઠોડે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ટ્રસ્ટની બેઠક આવતીકાલે તા. ૧લી જુલાઈ-૨૦૧૨ને રવિવારે બપોરે ૧.૩૦ કલાકે સંત શ્રી રોહિદાસ સ્મૃતિમંદિર, સેક્ટર-૬, ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટની બેઠકમાં વર્ષ ૨૦૧૧-૧૨ના અહેવાલો તથા હિસાબો રજૂ કરવામાં આવશે. ટ્રસ્ટના અને સમાજના આગેવાનોને તથા આજીવન સભ્યોને ઉપસ્થિત રહેવા પ્રમુખ ખોડીદાસ પરમારે ખાસ જણાવ્યું છે.

બબ્બે પ્રતિષ્ઠિત ઍવોર્ડથી સન્માનિત પોલીસ અધિકારી અમૃતભાઈ

આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

સરકારી સેવાનો ૨૫ વર્ષનો અનુભવ છે. બે પ્રકારના કર્મયોગી જોવા મળ્યા છે. એક ખોટા સિક્કા જેવા બોદાં અને બીજા અસ્સલ રાણીછાપ જેવા ખણખણતાં ! દુખ એ વાતનું છે કે ખોટા સિક્કા ય ચાલી જાય છે ! બધાંને એક લાકડીએ હંકાય છે. ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં જેવો ઘાટ છે ! નઠારાને સજા કરી શકાતી નથી, કાનૂનના દાવપેચ નડે છે. સારાને શિરપાવ આપવામાં કોઈ નડતર નથી કિન્તુ અપાતો નથી. વહીવટની આ બલિહારી છે. ગણ્યાગાંઠ્યા એવોર્ડ્ઝ કવચિત્ નિષ્ઠાવાન કર્મયોગીઓમાં ઉત્સાહનું અલપઝલપ કિરણ જગવી જાય છે. નિષ્ઠા બેવડાય છે. બે લીટીનો પ્રશસ્તિપત્ર કે એકાદ નાનકડો એવોર્ડ કર્મયોગીની નિષ્ઠાનો ગુણાકાર કરી શકતો હોય તો રાષ્ટ્રપતિ એવોર્ડનું તો પૂછવું જ શું ? અને એમાં ય કોઈ કર્મયોગીને આવા બબ્બે રાષ્ટ્રપતિ એવોર્ડ મળે તો ?

મળ્યા છે, રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૧૨, ગાંધીનગરના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી અમૃતભાઈ પ્રભુદાસ પ્રજાપતિને તેની ૩૯ વર્ષની પોલીસ કારકિર્દી દરમિયાન એક નહીં પણ બબ્બે રાષ્ટ્રપતિ એવોર્ડ મળ્યા છે ! આજનો સૂર્યાસ્ત અમૃતભાઈ માટે સવિશેષ છે. બબ્બે પ્રતિષ્ઠિત એવોર્ડ્ઝ ઉપરાંત અનેક માન-સન્માન, અગણિત પ્રમાણપત્રો અને બાથમાં ન ભરી શકાય તેટલા સંતોષ સાથે અમૃતભાઈ આજે રિટાયર થાય છે.

સ્થળ : પ્રાથમિક શાળા સીતવાડા, જિ. સાબરકાંઠા. સમય : ૧૫ મી ઓગષ્ટ, ૧૯૬૬. દૃશ્ય : ધોરણ : ૭ ના સહાધ્યાયીઓ સાથે ૧૩ વર્ષનો એક કિશોર ઝનૂનની દેશભક્તિનું ગીત લલકારે છે. 'નૌજવાનો ભારતકી તકદીર બના દો, ફૂલોકે ઈસ ગુલશનસે કાંટોકો હટા દો...!' ધોરણ:૮માં દોડવાની સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરે છે, રેડ સ્ટાર મળે છે. જીવની જેમ સાચવી રાખે છે. શાળાની સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં સક્રિયતાને કારણે આદર્શ અને અગ્રણી વિદ્યાર્થી તરીકે નામના મેળવે છે. માતા ધાર્મિક છે. ઘરની આર્થિક સ્થિતિ સાધારણ છે પણ સંસ્કારની મૂડી અસાધારણ છે. આ યુવાન ભૂલો કરે છે પણ હતાશ થતો નથી. એ માને છે કે ભૂલો થશે તો સુધરવાની તકો મળશે. તકો મળતી રહી, પ્રેરણા વધતી રહી અને એક મહત્ત્વાકાંક્ષી યુવાનના જીવનની ગાડી સડસડાટ દોડતી રહી. ગુજરાતી વિષય સાથે સ્નાતક થયા. અભિનયનો શોખ પણ પૂરો કર્યો. પાયલોટ બનવાની ઈચ્છા હતી. એ પરીક્ષામાં ય પાસ ! પણ તે અરસામાં એક વિમાન તૂટી પડવાના સમાચારે ઘરના સભ્યોને ડરાવી દીધા. પરિવારે આ દિશામાં આગળ વધવાની ના પાડી. આંખોમાં ખુમારી, બાવડામાં બળ અને હૈયામાં દેશદાઝની ચિનગારી ! કાંઈક બનવું હતું. આગ પ્રગટાવવા એક તણખો કાફી હોય છે. આગ પ્રગટી. પ્રકાશ પહોંચ્યો છેક રાષ્ટ્રપતિ ભવન સુધી ! ૧૯૭૩માં સીધી ભરતીથી અનઆર્મ્ડ કોન્સ્ટેબલ તરીકે દાખલ થયેલા શ્રી અમૃતભાઈ પ્રજાપતિ તેની બુધ્ધિના જોરે (બાવડાના જોરે નહીં !) રાજ્ય અનામત પોલીસદળના જૂથ-૧૨ના સેનાપતિના અંગત મદદનીશના પદ સુધી પહોંચ્યા.

થોડા દિવસો પૂર્વે રૂબરૂ મળવાનું બન્યું. પોલીસ ખાતામાં દાખલ થવા માટે જરૂરી હોય તેવી ફિઝીકલ ફિટનેસ નિવૃત્તિ ટાણે પણ તેઓ બરકરાર રાખી શકાય છે. ફરજ પ્રત્યેની રસરૂચિ અને નિષ્ઠા માણસને અકાળે વૃધ્ધ થતાં બચાવે છે ! કશું ઢીલુંઢાલું નહીં, નહીં વસ્ત્રો કે નહીં વર્તન ! બધું જ ફીટ ! જાણે ૫૮ વર્ષનો નવયુવાન જોઈ લ્યો ! કોમ્પ્યુટરના કી બોર્ડ પર અમૃતભાઈની આંગળીઓ કુશળ તબલચીની અદાથી નર્તન કરતી હતી. અસ્ખલિત વાક્‌છટા મુલાકાતને જીવન્ત બનાવતી હતી. એકંદરે દૃશ્ય આંખો ઠારે એવું હતું.

અમૃતભાઈ કોઠાસૂઝના માણસ છે. તેમના શોખ અજબગજબના છે. તેઓ રોજ એક વિચારને પોતાની ડાયરીમાં ટપકાવી લે છે. (૫૦ જેટલી ડાયરીઓ ભરાઈ ગઈ છે.) દા.ત. મનની અંદરની દુનિયા... મનની બહારની દુનિયા, વિદ્યાર્થી ઠોઠ કેમ રહે છે ? લગ્ન પ્રસંગે ઢોલ કેમ વાગે છે ? ખેડૂત ખેતર કેમ ખેડે છે ? પતિના અવસાન પછી પત્નીના માથે દુખના ડુંગર કેમ તૂટી પડે છે ? કાનૂન શું છે ? મહિલા અને કાનૂન, આપણે જ આપણા ભાગ્ય વિધાતા વિગેરે વિગેરે. અમૃતભાઈ આને તેઓ યોગ સૂત્રો કહે છે. નવરાશની પળોમાં તેઓ આ યોગસૂત્રો ઉપર ઊંડું મનોમંથન કરે છે અને યોગસૂત્રોનું સ્વરૂપ બદલાય જાય છે. બની જાય છે પુસ્તકો. આવાં ત્રણ પુસ્તકો થયાં છે. પાયારૂપ જીવનસ્તર, વ્યક્તિત્વ વિકાસ, અને મેનોપોઝ... સ્ત્રીઓની એક સંવેદનશીલ સમસ્યા. નિવૃત્તિ પછી અમૃતભાઈ પાસેથી વધુ પુસ્તકોની આશા છે.

અમૃતભાઈની વિશેષતા છે, પોલીસ ખાતામાં કોઈપણ શાખા એવી નથી કે જ્યાં તેમણે કામ ન કર્યું હોય ! તેમણે પોલીસ ખાતાની તમામ પ્રકારની તાલીમ મેળવી છે. કદાચ બહુ ઓછા માણસો આ રીતે તૈયાર થયા હશે ! તેઓ રાજ્ય અને રાજ્ય બહારના વિવિધ સ્થળોએ કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે પોલીસ બંદોબસ્તની મહત્વની ફરજો નિભાવવા બદલ તાજેતરમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૨માં રાષ્ટ્રપતિશ્રીના વિશિષ્ટ સેવા મેડલથી સન્માનિત થયા છે. ગૃહ વિભાગની યાદીમાં ભારતભરમાં તેઓ ૧૫મા ક્રમે રહ્યાનું તેમને ગૌરવ છે. અગાઉ ૨૦૦૩માં પોલીસ વિભાગની મહત્વની કામગીરી બદલ રાષ્ટ્રપતિશ્રીના પ્રશંસનીય સેવા પોલીસ મેડલથી પણ સન્માનિત થઈ ચૂક્યા છે. આ ઉપરાંત તેઓ યોગ, મેડીટેશન, એરોબિક્સ, રેકી, કલર મેડિટેશન, સ્ટ્રેસ મેનેજમેન્ટ, અલ્ફાવેવ યોગ મેડિટેશન, એક્યુપ્રેશ, જાપાનીઝ વેક્યુમ, જ્યૂડો, કરાટે, સંગીત, વાસ્તુશાસ્ત્ર જેવા વિવિધ વિષયોના અભ્યાસુ છે. તેઓએ સ્ટ્રેસ મેનેજમેન્ટ, આલ્ફાવેવ યોગ મેડિટેશન અંગેની ૪૦૦ જેટલી ધ્યાનયોગ અને વ્યક્તિત્વ વિકાસની શિબિરો યોજેલી છે. ગુજરાત પોલીસની તમામ શાખાઓમાં ઉત્કૃષ્ટ કામગીરી કર્યાનો તેઓ અનુભવ ધરાવે છે. રાજ્યમાં ૬૬ જેટલી વિવિધ સંસ્થાઓ દ્વારા આ વિશિષ્ટ સિધ્ધિ અને સેવા પ્રદાન બદલ આશરે ૧૪૪ જેટલા જાહેર કાર્યક્રમોમાં તેઓ સન્માનિત થયેલા છે.

શ્રી અમૃતભાઈ હાલમાં માનવસમાજના આરોગ્ય અને શિક્ષણલક્ષી પ્રગતિશીલ સમાજ માટે લોક કલ્યાણના કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છે. તેમણે સતત ૨૫ વર્ષ મનોમંથન કરીને અમૃત ઊર્જા ધ્યાનયોગ થેરાપીની કલ્પના સાકાર કરી છે. પોતાની શક્તિ પોતાના કામે લગાડો અને દવા વિના રોગ મટાડો !... ના સૂત્ર સાથે માનવ સેવા માટે કશુંક કરી છૂટવાની તમન્ના છે. ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ તેમજ કારકિર્દીવાંચ્છુ યુવાનોના સમુહો તેમના હેતુલક્ષી કાર્યક્રમોનો નિઃશુલ્ક લાભ મેળવી રહ્યા છે. તેઓ એક કુશળ ઉદઘોષક છે. યાત્રા પ્રવાસના શોખીન છે. તેઓએ કોઈ સમયે પાકિસ્તાન બોર્ડર ઉપર માનસરી ગામે ૧૬ ફૂટ ઊંચું અંબાજીમાતાનાં મંદિરનું નિર્માણ પણ કર્યું છે. તેઓ સંગીતના અચ્છા જાણકાર છે. વિવિધ વાજીંત્રો અને રાગરાગિણીનું જ્ઞાન ધરાવે છે. ગીત ગઝલો સ્વરબધ્ધ કરી શકે છે. તેઓ વાંચનમાં આવેલા સારા લખાણો અને ચિત્રોના કટિંગ કાપીને સાચવી રાખે છે. આ સંગ્રહ પણ દળદાર અને માણવાલાયક બન્યો છે. પોલીસ ખાતાના પ્રદીર્ઘ અનુભવને લીધે ઠીકઠીક કહી શકાય તેટલું કાયદાનું જ્ઞાન પણ ધરાવે છે. શ્રી અમૃતભાઈ આત્મવિશ્વાસનો દરિયો છે, સાથી કર્મચારીઓની પ્રેરણા છે અને ગાંધીનગરનું ગૌરવ છે. તેમનું માનવું છે કે વ્યક્તિનો હોદ્દો ઊંચો હોવો જરૂરી નથી, વ્યક્તિત્વ ઊંચું હોવું જોઈએ ! આવા બહુપાશ્વી વ્યક્તિત્વના માલિક અને આપણા માણસ શ્રી અમૃતભાઈ પ્રજાપતિને નિવૃત્તિની હાર્દિક શુભકામનાઓ.

વિચારકણિકા : કોઈપણ માણસ ભલે નાનો હોય, પણ જો તેણે સમય ગૂમાવ્યો ન હોય તો કાળની દૃષ્ટિએ તે મોટો છે !!!!